R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction
(મો).૯૮૨૫૧૬૯૩૮૬
અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા
http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com
ESTD.YEAR- 22•ISSUE: 51/52 DATE: 29-12-2018•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## દવાઓના ઓનલાઇન વેચાણ પર દિલ્હી હાઇકોર્ટનો દેશવ્યાપી પ્રતિબંધ

ઈ-ફાર્માસીસ્ટ દ્વારા દેશભરમાં થતાં દવાઓના ઓનલાઈન વેચાણ પર દિલ્હી હાઈકોર્ટે પ્રતિબંધ લાદી કેન્દ્ર અને દિલ્હીની આમ આદમી પાર્ટીની સરકારને ચુકાદાનો તાત્કાલિક અસરથી અમલ કરવાનો આદેશ જારી કર્યો હતો.ચીફ જસ્ટીસ રાજેન્દ્ર મેનન, અને જસ્ટીસ વી.કે.રાવે દિલ્હી સ્થિત ડર્મેટોલોજીસ્ટ ઝહીર અહેમદની જાહેર હિતની અરજી પર સુનાવણી કરતાં આ આદેશ આપ્યો હતો.ઝહીર અહેમદે આરોપ મુક્યો હતો કે દેશમાં ઈન્ટરનેટના માધ્યમથી દરરોજ કોઈપણ પ્રકારના નિયંત્રણ વગર લાખો દવાઓનું વેચાણ થાય છે.જે દર્દીઓ અને ડોકટરો માટે અત્યંત જોખમી છે.ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ એકટ ૧૯૪૦ અને ફાર્મસી એક્ટ ૧૯૪૮ અંતગર્ત આ રીતે ઓનલાઈન દવાઓના વેચાણ પરવાનગી આપવામાં આવતી નથી.૨૦૧૫માં ડ્રગ્સ કન્ટ્રોલર ઓફ ઈન્ડીયાએ જાહેર આરોગ્યના હિતને રક્ષણ આપવા માટે દવાઓના ઓનલાઈન વેચાણ પર નિયંત્રણ લાદવાનો આદેશ આપ્યો હતો.છતાં કોઈપણ પ્રકારના પ્રિસ્કિપ્સન વગર લાખો દવાઓ ઈન્ટરનેટ પર વેચાઈ રહી છે.

દવાઓના ઓનલાઈન વેચાણના ભયસ્થાનો ગણાવતા જણાવાયું હતું કે અન્ય સામાન્ય ચીજવસ્તુઓ કરતાં દવાઓ અત્યંત જોખમી સાબિત થઈ શકે છે. તેના વધારે પડતા અથવા તો દુરપયોગથી માનવ આરોગ્યને હાનિ પહોચી શકે છે. કેટલીક દવાઓ નશાને આમંત્રણ આપે છે તે ફક્ત વ્યક્તિ જ નહી પરંતુ સમગ્ર માનવજાત તેનો ભોગ બની શકે છે.આ પ્રકારની દવાના નશાની ટેવ માનવશરીરને નુકશાનકારક છે.મોટી સંખ્યામાં બાળકો,સગીરો અને ગ્રામીણો ઈન્ટરનેટનો ઉપયોગ કરી રહ્યા છે તેઓ ઓનલાઈન દવાની ખરીદી દ્વારા ખોટી દવાનો ભોગ બની શકે છે.કેટલીક દવાઓ માનસિક અસર કરે તેવાં તત્વો ધરાવતી હોય છે.ઈન્ટરનેટ પર તેને સહેલાઈથી ઓર્ડર કરી શકાય છે. આ પ્રકારની દવાઓ ગુનાઈત પ્રવૃત્તિઓ માટે થઈ શકે છે.

ઓન લાઈન દવા વેચતી ફાર્મસીઓ પાસે ડ્રગનું લાયસંસ જ નથી. ઈન્ટરનેટ પર દવાઓનું અનિયત્રિત વેચાણ નકલી અને હલકી ગુણવત્તા ધરાવતી દવાઓનું વેચાણ વધારશે. માનસિક અસર કરે તેવા તત્વો ધરાવતી દવાઓ ગુનાઈત પ્રવૃત્તિઓ માટે વપરાવાની શંકા છે.

અરજકર્તાએ જણાવ્યુ હતું કે કેન્દ્ર સરકાર ઈન્ટરનેટ પર દવાઓના વેચાણ સાથે સંકળાયેલા જોખમોથી સારી રીતે વાકેફ છે.સરકાર દ્વારા જ આ માટે રચાયેલી પેનલે સપ્ટેમ્બર ૨૦૧૮માં દવાઓના ઓનલાઈન વેચાણના જોખમો અંગે ચેતવણી આપી હતી છતાં સરકાર દ્વારા કોઈ પગલાં લેવાયા નહોતા.જો કે દેશના કાયદાઓ ઓનલાઈન વેચાણની પરવાનગી આપતા નથી. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે દવાઓના ઓનલાઈન વેચાણને નિયંત્રિત કરવા નિયમો જાહેર કર્યા હતા. આ નિયમો કહે છે કે રજીસ્ટ્રેશન વિના કોઈ વ્યક્તિ ઈન્ટરનેટ પ ર દવાનું વેચાણ કરી શકશે નહી.

જો ખરેખર દેશના કાયદાઓ ઓનલાઈન વેચાણની પરવાનગી જ આપતા ના હોય તો કેન્દ્રના આરોગ્ય મંત્રાલયે છુટછાટો આપવાનો કોઈ મતલબ નથી. પરંતુ તેમણે તેમ કર્યુ.તેના કારણે આખરે દિલ્હી હાઈકોર્ટે દેશવ્યાપી પ્રતિબંધ નો આદેશ આપતો પોતાનો ચુકાદો આપ્યો.આ સાથે કોર્ટે સરકારને આદેશો જારી કર્યા હતા કે આ આદેશનો અમલ તાત્કાલિક અસરથી કરવો. ખરેખર તેનો અમલ થાય છે કે કેમ તે જોવાનું રહેશે. કોર્ટે પોતાની ફરજ બજાવી હવે સરકારી તંત્ર તેનો કેટલો અમલ કરે છે તે જોવાનું રહેશે.કોર્ટો એ આપેલા ચુકાદાઓનો અમલ સરકારી બાબુઓ ઘણી વખત કરતાં જ નથી અને કોર્ટના આદેશોને ધોળીને પી જાય છે.જેમાં બધાજ સામેલ હોય છે.

## જમ્મુ કાશ્મીરમાં રાષ્ટ્રપતિશાસન : કેન્દ્ર સરકારના સીધા શાસન હેઠળ રાજ્યના તમામ ધારાકીય અધિકારો સંસદ હસ્તક

જમ્મુ-કાશ્મીરમાં રાષ્ટ્રપતિશાસન લાદવામાં આવ્યું છે.રાષ્ટ્રપતિએ રાષ્ટ્રપતિ શાસન લાદવાના જાહેરનામા પર હસ્તાક્ષર કરતાં હવે રાજ્યપાલ શાસનનો અંત આવી ગયો છે.રાષ્ટ્રપતિના જાહેરનામાં બાદ હવે રાજ્યની ધારાસભાની તમામ સત્તાઓ અને અધિકારો સસદના અધિકારક્ષેત્રમાં આવી ગયા છે.અગાઉ પીડીપી સાથે ભાજપ ગઠબંધન તોડી નાંખતા જમ્મુ-કાશ્મીરમાં રાજ્યપાલશાસન લાદવામાં આવ્યું હતું.

જમ્મુ-કાશ્મીરમાં સરકારની ગેરહાજરીમાં રાજ્યપાલશાસન લદાતું હોય છે.જો વિધાનસભા સજીવન હોય તો રાજ્યપાલ દ્વારા રાજ્યમાં સ્થિર સરકાર રચવાના પ્રયાસો થાય છે.પરંતુ જો સરકારની રચના ન થઈ શકે તો છ મહિનાના રાજ્યપાલ શાસન બાદ રાષ્ટ્રપતિ શાસન લદાય છે.આ પ્રસંગે વિધાનસભા સુષુપ્તાવસ્થામાં હોય તો તેની તમામ સત્તાઓ સંસદ હસ્તક ચાલી જાય છે.

નેશનલ કોન્ફરન્સના અધ્યક્ષ ફારુક અબ્દુલ્લાએ જણાવ્યુ હતું કે, જમ્મુ-કાશ્મીરમાં વહેલામાં વહેલી તકે ચુંટણી યોજવી જોઈએ.રાજ્યપાલ શાસન ચુંટાયેલી સરકારનો વિકલ્પબની શકે નહીં.રાજ્યપાલનું શાસન આપખુદ શાસન છે.અને અમારી પાર્ટી જેમ બને તેમ જલ્દીથી રાજ્યમાં ચુંટણીઓ યોજવા માટે સરકાર પર દબાણ કરતી રહેશે.પીડીએફના નેતા હકીમ યાસીને કહ્યુ હતું કે વણસી રહેલી રાજકીય અને સુરક્ષાની સ્થિતિ સુધરવાની નથી.

## કેન્દ્ર,રાજ્યોમાં ચીફ ઇન્ફોર્મેશન કમિશ્નર અને કમિશ્નરોની નિમણુંકમાં પારદર્શિતા જાળવે : સુપ્રીમ કોર્ટ

સુપ્રીમ કોર્ટે ચીફ ઈન્ફોર્મેશન કમિશ્નર અને ઈન્ફર્મેશન કમિશ્નરની નિમણુંકોમાં પારદર્શિતા જાળવી રાખવા અને સર્ચ કમિટીઓ અને અરજદારાવિગતો વેબસાઈટ પર અપલોડ કરવા કેન્દ્ર અને રાજ્યોને સુચના આપી છે.કેન્દ્રે સુપ્રીમ કોર્ટને કહ્યુ છે કે સર્ચ કમિટિએ સીઆઈસીના હોદ્દા માટે નામે અલગ તારવી દીધા છે.અને આ મામલે ટુંકમા અંતિમ નિર્ણય લેવામાં આવશે.જસ્ટીસ એ. કે. સીકરીની આગેવાની હેઠળની બેન્ચે સીઆઈસી અને આઈસીએસ માટેની સર્ચ કમિટિની વિગતો પણ વેબસાઈટ પર મુકવા કેન્દ્રને કહ્યું છે.

કેન્દ્ર વતી હાજર રહેલા એડી.સોલીસીટર જનરલ પિંકી આનંદે કોર્ટેને માહીતી આપી હતી કે સીઆઈસીની અરજી માટે કુલ ૬૫ અરજીઓ આવી છે.અને આઈસીએસની પોસ્ટ માટે ૨૮૦ અરજીઓ મળી છે.આ હોદ્દાઓ ભરાયા બાદ આઈસીએસના બાકીના હોદ્દા માટે અરજીઓના આમંત્રણ માટેજાહેરનામું જારી કરાશે.આરટીઆઈ કાર્યકર્તા અંજલિ ભારદ્વાજ વતી હાજર વકીલ પ્રશાંત ભુષણે કહ્યુ હતું કે સરકાર એક સુધારો લાવીને આરટીઆઈ એક્ટને હળવી બનાવવા માંગે છે.બેન્ચે અનિર્ણિત કેસોની સંખ્યા ઘટાડવા માટે સ્ટેટ ઈન્ફોર્મેશન કમીશન્સમાં ખાલી જગ્યા ભરવા રાજ્યોને નિર્દેશ કર્યો છે.

## સરકારી બેન્કોમા રૂ.૮૩૦૦૦ કરોડની નવી મુડી ઠાલવવામાં આવશેઃ કેન્દ્રીય નાણાં મંત્રી જેટલી

કેન્દ્રીય નાણાંમત્રી જેટલીએ જાહેરાત કરી છે કે બેન્કોની એનપીએની સમીક્ષા પુરી થઈ ગઈ છે.સરકારી બેન્કોમાં રુ.૮૩,૦૦૦ કરોડની નવી મુડી ઠાલવવામાં આવશે.જે બેન્કો પર પ્રોમ્ટ કરેક્ટિવ એકશનને કારણે આરબીઆઈએ લોન આપવા પર પ્રતિબંધ મુક્યો હતો તેવી ૧૧-૧૨ બેન્કોમાંથી ૪-૫ બેન્કો પીસીએના દાયરામાંથી બહાર આવી જશે.નવી મુડી ઉપરાંત સરકારી બેન્કો ઉપરાંત પીસીએના દાયરામાં આવતી બેન્કોમાં પણ ઠાલવવામાં આવશે.નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯માં સરકારી બેન્કોમાં રુ.૪૨,૦૦૦ કરોડનું નવું મુડી રોકાણ કરાશે. સરકારે આવું જંગી રોકાણ કરવા માટે સંસદની મંજુરી માંગી છે.આ વર્ષે દેશની ૪-૫ બેન્કો પીસીએના દાયરામાંથી બહાર આવવાની શક્યતાઓ રહેલી છે.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ
નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**Merry Christmas and Happy New year**

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
**http://jagadishchristian.com**
ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

કેન્દ્રીય નાણાંમંત્રી અરુણ જેટલીએ અંદાજપત્રની ખાધ પુરવા માટે સરકારને રિઝર્વ બેન્ક પાસેના સરપ્લસ ભંડોળમાંથી નાણાંની જરુર નથી તેવું કહ્યુ હતું પરંતુ તેના બીજા દિવસે આર્થિક બાબતોના સચિવ સુભાષચંદ્ર ગર્ગે જણાવ્યુ હતું કે સરકાર રિઝર્વ બેન્ક પાસે વચગાળાના ડિવિડન્ડની માંગ કરશે.ગર્ગે એમ જણાવ્યુ હતું કે રિઝર્વ બેન્ક પાસે કેટલા પ્રમાણમાં ભંડોળ હોવું જોઇએ તે નક્કી કરવા માટે રચાયેલી સમિતિ પણ આ મામલે સહમત થઇ છે. પીએસડી ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ દ્વારા આયોજીત સમારંભમાં પત્રકારોએ કરેલા સવાલોના જવાબ આપતાં ગર્ગે કહ્યુ હતું કે સરકાર રિઝર્વ બેન્ક પાસે વચગાળાના ડિવિડન્ડની માંગ કરશે.જુલાઇ ૨૦૧૭ જુ૨૦૧૮ માટે રિઝર્વ બેન્કે સરકારને ડિવિડન્ડ પેટે ૫૦૦ અબજ ચુકવ્યા છે.જેમાના ૧૦૦ અબજ રુપીયા ૧૭-૧૮નું નાણાંકીય વર્ષ પુરુ થાય તેના થોડા દિવસ પહેલા જ સરકારને ચુકવાયા હતા.જેથી અંદાજપત્રીય ખાદ્ય ઘટાડી શકાય.સરકાર અત્યારે તીવ્ર નાણાં ખેચનો સામનો કરી રહી છે.વેપાર અને અંદાજપત્રીય ખાદ્ય વધી રહી હોવાથી સરકારની નજર રિઝર્વ બેન્ક પાસે રહેલા સરપ્લસ ભંડોળ પર છે.સરકાર રિઝર્વ બેન્ક પાસેથી તેના સરપ્લસ ભંડોળમોંથી રુ.સાડાત્રણ લાખ કરોડ માંગી રહી છે અને તેનો ઇન્કાર કરવામાં આવ્યો છે.આ પરિસ્થિતિને કારણે આરબીઆઇના ગર્વનર ઉર્જિત પટેલે રાજી નામુ આપ્યુ હોવાનુ કહેવાય છે.

નવેમ્બરમાં નોટબંધી દાખલ કરાઇ ત્યારે પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહે ચેતવણી ઉચ્ચારી હતી કે નોટબંધીને કારણે જીડીપીમાં બે ટકાનો ઘટાડો થશે અને અર્થતંત્રને નુંકશાન વેઠવું પડશે.હવે આ બધી પરિસ્થિતિમાં નાણામંત્રી તેમના ઉપાય તરીકે રિઝર્વ બેન્કની સરપ્લસ મુડી વાપરવા માંગે છે.આવનાર દિવસોમાં મોટા પ્રોજેકટોને લોનો આપવા માટે બેન્કોમાં મુડી ઠાલવવા માંગે છે. કેટલાક મોટા ઉદ્યોગો જે સંરક્ષણ ક્ષેત્રમાં ઉત્પાદન સાથે જોડાવાના છે તેમને નાણાંકીય સ્ત્રોતોની તાતી જરુરીયાત છે.સરકાર તેમના વ્હાલા દવલાઓને નાણાં આપવા માટે પોતાની સત્તાનો ઉપયોગ કરીને રીઝર્વ બેન્કનું ગળુ દબાવવાનો પ્રયત્ન કરી રહી છે જે અર્થતંત્રને ડુબાડી દેશે.

---

આજકાલ ફેશન થઇ પડી છે કે ધાર્મિક નેતાઓના ધર્મ બદલવા, જેમકે કોઇ દલિતના છે,તો કોઇ તેમને મુસ્લીમ કહેવડાવાનો પ્રયત્ન કરે.માત્ર ધમાંધતાને કારણે જુદા જુદા નિવેદનો કરીને પ્રજામાં ગેરસમજો ફેલાવવાની તરકીબો કેટલીક રાજકીય પાર્ટીના નેતાઓ કરી રહ્યા છે.તાજેતરમાં એક સમાચારે દેશમાં કોઇ આક્રોશ જન્માવ્યો હોય તેવું લાગ્યું નહી. ધાનાની યુની.ના વિદ્યાર્થીઓએ આંદોલન કર્યુ કે તેમના ત્યાં મુકાયેલી ગાંધીજીની પ્રતિમાને ખસેડી લેવામાં આવે. આપણે ત્યાં વિવિધ નેતાઓની પ્રતિમાઓ મુકવાનો દોર ચાલતો રહ્યો છે.તાજેતરમાં સરદાર પછી શિવાજી અને ત્યાર બાદ રામજીની પ્રતિમાઓ મુકાશે.ગાંધીજીનું વિદેશમાં આટલી હદે અપમાન થાય ત્યારે આ દેશમાં વિદ્યાર્થી નેતાઓ આ બાબતે વામણાં પુરવાર થયા તેમ લાગે છે. છાશવારે એકબીજાને રાષ્ટ્રદ્રોહ જેવી લેબલો લગાવવાની કસરતોમાં મચ્યા રહેનારા અને જેને રાજકીય ચળવળ કહેવડાનારાઓને માટે આ શરમજનક બાબત નથી લાગતી ? ગાંધીજીને વિશ્વને અહિંસાના માર્ગે ચળવળ કેમ ચલાવીને જીત મેળવાય તે શીખવાડ્યું પરંતુ આપણે તે શીખ્યા નથી. રમેશ પી. ખાનકર


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332



## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડીયાના નવા ગર્વનર તરીકે ભુતપુર્વ નાણાં સચિવ શક્તિકાંત દાસની નિમણુંક કરાઇ



રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડીયા નવા ગર્વનર તરીકે ભુતપુર્વ નાણાં સચિવ શક્તિકાંત દાસની નિમણુંક કરવામાં આવી છે.રિઝર્વ બેન્કના ગર્વનર તરીકે આ પહેલાં ઉર્જિત પટેલ હતા જેમણે રાજીનામું આપતાં સરકારે આ નિમણુંક કરી છે.ઉર્જિત પટેલની મુદત ૨૦૧૯ના સપ્ટે.માં પુર્ણ થવાની હતી પરંતુ તેમણે તે પહેલાં રાજીનામું આપતાં હવે શક્તિકાંત દાસની નિમણુંક કરવામાં આવી છે. ૨૦૧૫થી ૨૦૧૭ દરમિયાન દાસે આર્થિક બાબતોના સચિવ તરીકે કામગીરી બજાવી હતી.હાલમાં તેઓ ફાઇનાન્સ કમિશનના સભ્ય છે.અને જી-૨૦ સમિટમાં સરકારના પ્રતિનિધિ છે.સરકારે શરુમાં દાસને નાણાંમંત્રાલયમાં મહેસુલ વિભાગના વડા બનાવ્યા હતા.પરંતુ પાછળથી તેમને આર્થિક બાબતોનો હવાલો સોપ્યો હતો.જ્યાં તેમણે ૨૦૧૬માં વિવાદાસ્પદ નોટબંધીની ઝુંબેશના પ્રસારમાં મદદ કરી હતી.રિઝર્વ બેન્કના ગર્વનર તરીકે દાસે પોતાનો હોદ્દો સંભાળી લીધો છે.

રિઝર્વ બેન્ક પાસે રહેલી વધારાની મુડી સરકારને ટ્રાન્સફર કરવા બાબતે છેલ્લા કેટલાક સપ્તાહોથી બેન્ક અને સરકાર વચ્ચે ઘર્ષણ ચાલી રહ્યું છે. રિઝર્વ બેન્કના બોર્ડની બેઠક નિર્ધારિત હતી જેમાં સરકારના પ્રતિનિધિ રિઝર્વ બેન્કના માળખામાં ફેરફાર ઇચ્છે તેવી ધારણા હતી.પરંતુ આ મહત્વની બેઠક પહેલાં ઉર્જિત પટેલે રાજીનામું આપતાં સરકાર સાથેના મતભેદોની ચર્ચા થવાની શકયતા હતી.ઉર્જિત પટેલના અચાનક રાજીનામા અને પાંચ રાજયોની ચુંટણીમાં ભાજપના ધબડકાની અસરમાંથી શેરબજાર બહાર આવી ગયું છે. ઉર્જિત પટેલના રાજીનામા પુર્વે નીતિ આયોગના વાઇસ ચેરમેન અરવિંદ પાનગઢિયા અને મુખ્ય આર્થિક સલાહકાર અરવિંદ સુબ્રમણયમે રાજીનામાં આપ્યા હતા. રિઝર્વ બેન્કના ૨૫માં ગર્વનર તરીકે દાસે કાર્યભાર સંભાળ્યો છે પણ હવે લોનની પુનરર્ચના,મુડી ઠાલવવા અને બેન્કોના ચોપડામાં ડુંબેલી કરજની રકમના રિઝોલ્યુશન માટે ડિફોલ્ટના આકરા ધોરણોને વળગી રહેવા જેવા પ્રશ્નો કે જેમાં સરકારે વધુ ઉદાર અભિગમ અપનાવ્યો છે તે બાબતે સરકાર તરફથી દબાણ સાથે નિપટવાનો સૌથી મોટો પડકાર દાસ સમક્ષ છે.

જો કે નાણાંમંત્રી અને વડાપ્રધાનના ખાસ વિશ્વાસુ અધિકારી તરીકે તેમની છાપ છે જેના કારણે હવે સરકારની સામે રિઝર્વ બેન્કમાં ધાર્યુ કામ સરકાર કરાવી શકશે. જે કારણોસર ઉર્જિત પટેલને રાજીનામું આપવું પડ્યું છે તે બાબતો હવે સરકાર માટે સરળ થઇ જ શે.કારણકે હવે કોઇ વિરોધ કરનાર રહ્યું નથી.

# રિઝર્વ બેન્કના ભુતપુર્વ ગર્વનર ઉર્જિત પટેલનું રાજીનામું અર્થવ્યવસ્થા માટે આંચકારુપ : મનમોહનસિંહ



દેશના પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહે આરબીઆઇના ગર્વનર ઉર્જિત પટેલના રાજીનામાને અર્થ વ્યવસ્થા માટે એક મોટા આંચકા સમાન ગણાવ્યુ હતું.તેમણે કહ્યુ હતું કે હું આશા રાખું છું કે ઉર્જિત પટેલનું રાજીનામું વડા પ્રધાન મોદી દ્વારા દેશની અર્થ વ્યવસ્થાની સંસ્થાગત પાયાને નષ્ટ કરવાના પ્રયાસને કારણે આવ્યું છે.એટલું જ નહીં તેમણે કહ્યુ કે અલ્પકાલિક રાજનીતિક લાભ માટે કોઇપણ સંસ્થાની સાથે આ પ્રકારથી કંઇક કરવું પુર્ણત : મુર્ખતાપુર્ણ નિર્ણય હશે.સરકારના દબાણને કારણે ઘણા અધિકારીઓ આ પ્રકારે દુર ગયા છે.


## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386


## જાણવા જેવું !

ડીઝનીલેન્ડ અને ડીઝની સ્ટુડીયોના સ્થાપક વોલ્ટ ડીઝનીએ તેમની કારકીર્દીની શરૂઆત સમાચારપત્રમાં જાહેરખબરની ડીઝાઇન કરનારી વ્યક્તિ તરીકે કરી હતી.


★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨



ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨

## સુશાસનના પ્રણેતા અટલજીના જન્મદિવસે કોટિ કોટિ વંદન

## સતત ૨૩ વર્ષના વિકાસની અવિરત ધારા....

**વર્ષ એક : જનહિતના નિર્ણયો અનેક**

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રુપાણીના નેતૃત્વ હેઠળ પારદર્શક,સંવેદનશીલ,નિર્ણાયક અને પ્રગતિશીલ સરકારના પ્રજાલક્ષી સુશાસનનું એક વર્ષ પુરુ

૧૨૫ એમ.એમ. વરસાદના નિયમને બદલી ૩૫૦ એમ.એમ.થી ઓછા વરસાદવાળા ૯૬ તાલુકાઓને અછતગ્રસ્ત જાહેર કરી રૂ.૧૩૦૦ કરોડના ખાસ સહાય પેકેજ સાથે પ્રજાની પડખે ઉભી સરકાર :૧૩ લાખથી વધુ ખેડુતોને મળશે સહાય

૭૫૦૦૦ યુવાનોને મુખ્યમંત્રી એપ્રેન્ટીસશીપ યોજના દ્વારા રોજગારી : વધુ ૪ લાખ યુવાઓને રોજગાર મેળા દ્વારા નોકરીનું આયોજન

વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા ૧૮૨ મીટર સ્ટેચ્યુ ઓફ યુનીટીના માધ્યમથી વિશ્વના નકશામાં ગુજરાતને મળ્યું સર્વોચ્ચ સ્થાનઃ પ્રવાસન પ્રવૃત્તિ સાથે વનબંધુઓનું થશે સશક્તિકરણ

૪૨ લાખ પરિવારોને મા-અમૃતમ અને મા વાત્સલ્ય યોજના દ્વારા આપી રૂ.૨૦૦૦કરોડની આરોગ્યલક્ષી સહાય

જીઆઇડીસી અને પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા નાના ઉદ્યોગોને પડતી પારાવાર મુશ્કેલીઓનો હવે અંત : ૧૨ મહત્વના નિર્ણયો દ્વારા નાના ઊદ્યોગો વધુ ખીલશે.

દરિયાના ખારા પાણીને મીઠુ બનાવવા એક વર્ષમાં ૬ ડિસેલીનેશનના પ્લાન્ટના ટેન્ડરો બહાર પડાયા

ગરીબ અને ઝુંપડપટ્ટીમાં વસતા અને નાના ખેડુતોને પડતી મુશ્કેલીઓ દુર કરવા વિજળીના બીલના દંડની રકમમાંથી છ લાખ ગ્રાહકોને મુક્તિ આપી.

ગુજરાતની ધરતી પર જીવતાં પશુ-પક્ષીઓની હવે નિકાસ નહીં થાય. તમામ પશુ પક્ષીઓને ગુજરાત સરકારનું અભયદાન

ઘોઘા-દહેજ વચ્ચે રો-પેક્ષ ફેરીસેવાથી સુરત,ભાવનગર જવા આવવા સમય,ઇંધણ,પૈસાની થશે અભુતપુર્વ બચત

સ્કાય( સુર્ય શક્તિ કિસાન યોજના) દ્વારા ખેડુત વીજળી ખરીદનાર નહી પરતું વીજળી વેચનાર બનશે

બિન-અનામત વર્ગના યુવાઓની કારકીર્દી ઉજ્જવળ બને તે માટે બિન અનામત વર્ગ આયોગ અને બિન-અનામત વર્ગ નિગમની કામગીરીમાં અસરકારક તેજ ગતિ

દુષ્કાળએ ભુતકાળ બને એ માટે ૪૧ હેક્ટર જમીનને નર્મદા યોજનાનો લાભ

સેવાસેતુના કાર્યક્રમ દ્વારા ૧ કરોડ ૬૦ લાખથી વધુ નાના અને ગરીબ માણસોના પ્રશ્નોનો ઘરઆંગણે ઉકેલ

બિનખેતી(એનએ)પ્રક્રિયા થઇ ઓનલાઇનઃ જેનાથી ભ્રષ્ટાચાર અને વચેટીયાઓની નાબુદી

રેલ્વે યુની.અને સ્પોર્ટસ યુની.ની સ્થાપના :ઓર્ગેનીક યુની. માટે જમીનની ફાળવણી

ભ્રષ્ટારચારની બદીને નાથવા મક્કમ પગલાં : એક વર્ષમાં ૭૧૦ અધિકારી - કર્મચારી ઝડપાયા.

શહેરોનો ઝડપી વિકાસ અને આધુનિક વિકાસ માટે એક જ વર્ષમાં ૧૦૦ ટીપી સ્કીમ અને ૧૦ ડીપી સ્કીમ મંજુર

મુખ્યમંત્રીશ્રીએ ૮૫,૦૦૦ કી.મી.નો પ્રવાસ ખેડી ૫૩૧ કાર્યક્રમોમાં હાજરી આપી.

૩૦૦થી વધુ સરકારી મીટીંગ યોજી ૩૦૦થી વધુ લીધા જનહિતના નિર્ણયો

રાજ્ય સરકારે ગુજરાતને અનેક દિશાઓમાં વિકાસ સાધ્યો છે. : - નીતિનભાઇ પટેલ ,નાયબ મુખ્યમંત્રી,ગુજરાત

# જહોન્સન એન્ડ જહોન્સન કંપની દ્વારા ખામી વાળા કૃત્રિમ થાપાથી થતાં નુકશાન માટે જવાબદારી સ્વીકારી અને તેની પતાવટ માટે નુકશાનનું ચુકવણું કરશે

જહોન્સન એન્ડ જહોન્સન કંપની દ્વારા હજારો ગ્રાહકોને વેચાયેલા ખામીવાળા કૃત્રિમ થાપાના કેસમાં પતાવટ માટે જહોન્સન એન્ડ જહોન્સન કંપની ૪૦૦૦ લાખ ડોલર કરતાં ધુ ચુકવવા માટે તૈયાર થઇ છે. યાદ રહે કે ખામીવાળા કૃત્રિમ થાપાથી થતાં નુકશાન અંગે કંપનીએ ગ્રાહકોને અંધારામાં રાખ્યા હતા.વિશ્વમાં સૌથી મોટી હેલ્થ કેર ઉત્પાદનો બનાવતી કંપની સામે ખામીવાળા ઉત્પાદનો વેચવા બદલ થયેલા૧૦,૦૦૦ કેસોમાંથી કંપનીએ ૯મી ડિસેમ્બરે ૩૩૦૦ કેસોમાં સમાધાન કરવાની પક્રિયા કરી હતી. જહોન્સન એન્ડ જહોન્સન કંપનીના અધિકારીઓ દરેક કેસમાં સરેરાશ ૧,૨૫,૦૦૦ ડોલરનું વળતર ચુકવવા માટે તૈયાર થયા છે.હજુ તો કંપનીએ ત્રીજા ભાગના કેસમાં સમાધાન કર્યા છે.હજુ બાકીના કેસો પડતર છે.કંપની એ કેસો માટે પણ આગળ પગલાં ભરશે. સરેરાશ એક કેસમાં ૧,૨૫,૦૦૦ ડોલર ચુકવવા પડશે. અત્યારે ૩૩૦૦ કેસોમાં સમાધાન થયું છે ત્યારે આ સમાધાન કંપનીને ૪૧૩૦ લાખ ડોલરમાં પડશે. આ થાપા કંપનીના ડેપુ યુનીટે બનાવ્યા હતા.

# ભારત વિકસિત થતાં દેશોમાં હથિયાર ઉત્પાદક દેશોમાં ત્રીજાક્રમે,એચએએલ ટોપ-૧૦૦માં

વિશ્વના ત્રણ ઉભરતા હથિયાર ઉત્પાદક દેશોમાં ભારત સામેલ થયું છે.સ્ટોકહોમ ઇન્ટરનેશનલ પીસ રીસર્ચ ઇન્સ્ટીટ્યુટના રિપોર્ટ અનુસાર બ્રાઝિલ,તુર્કી સાથે દુનિયાના ત્રણ ઊભરતા હથિયાર ઉત્પાદક દેશોમાં ભારત સામેલ છે. આ રિપોર્ટ આ મહિને પ્રકાશિત થયો છે.જેમાં ઇન્ડીયન ઓર્ડિનન્સ ફેક્ટરી અને હિંદુસ્તાન એરોનોટિક્સ લી. ને ૨૦૧૭ના ઇમેર્જીંગ પ્રોડ્યુસરની યાદીમાં ક્રમશ ૩૭મું અને ૩૮મુ સ્થાન મળ્યું છે.ભારત,બ્રાઝિલ અને તુર્કીમાં સાત કંપનીઓ હથિયારોનું ૧૧૧૦ કરોડ ડોલરનું વેચાણ નોધાવ્યું છે.જે ૨૦૧૬ના વેચાણ કરતાં ૮.૧ ટકાનો વધારો દર્શાવે છે.વાસ્તવમાં આ સાત કંપનીઓ દ્વારા ૨૦૧૭માં હથિયારોનું વેચાણ કુલ ટોપ-૧૦૦ કંપનીઓ દ્વારા થયેલા વેચાણમાં ૨.૮ ટકા જેટલું રહ્યુ છે.

રિપોર્ટ અનુસાર ઇમર્જીંગ પ્રોડ્યુસર કેટેગરીમાં ભારત સૌથી વિશાળ આર્મ્સ મેન્યુફેચરર તરીકે તેની ચાર કંપનીઓ ટોપ-૧૦૦ કંપનીઓની યાદીમાં સ્થાન મળતાં સામેલ થયું છે. આ ઉપરાંત ઇન્ડીયન ઓર્ડીનન્સ ફેક્ટરીઝ અને એચએએલ સાથે ભારત ઇલેક્ટ્રોનિક્સ( રેન્ક ૬૪)માં પણ ટોપ ૧૦૦ની યાદીમાં સામેલ છે. જે ઇર્મજીંગ પ્રોડ્યુસર્સ કેટેગરીમાં સામેલ છે.આ યાદીમાં નવી એન્ટરી ભારત ડાયનેમિક્સની પણ છે.જેને ૨૦૧૭ની આ યાદીમાં ૯૪માં નંબર મળ્યો છે.

આ રિપોર્ટ એચએએલ માટે સારા સમાચાર લઇને આવ્યો છે.હાલમાં જ રફાલ વિમાનના સોદામાં ફ્રેન્ચ કંપની દસોલ્ટ એવિએશને એચએએલના સ્થાને રિલાયન્સ ડિફેન્સની પ્રોજેક્ટના ઓફસેટ પાર્ટનર તરીકે પસંદગી કરી છે. ત્યારબાદ એચએએલને આ રિપોર્ટમાં ટોપ-૧૦૦ કંપનીઓમાં સ્થાન મળ્યું છે.

# સમાજમાં ઝેર ફેલાઇ ચુક્યું છે,મને મારા બાળકોની ચિંતા છે : નસરુદ્દીન

બોલિવુડ એક્ટર નસરુદ્દીન શાહે એક વીડીયોમાં જણાવ્યુ હતુ કે આજના ભારતમાં તેઓ પોતાના બાળકોને લઇને બહુ ડરેલા છે.તેમણે કહ્યુ કે તેમને એ વાતનો ડર લાગે છે કે ક્યાં મારા બાળકો ટોળાએ ઘેરી લીધો અને તેમને પુછ્યું કે તમે હિંદુ છો કે મુસલમાન ? મારા બાળકો પાસે એનો કોઇ જવાબ નહી હોય. કારણકે મે બાળકોને ધર્મની તાલીમ આપી નથી. અચ્છાઇ અને બુરાઇને ધર્મ સાથે કોઇ લેવાદેવા નથી.તેમણે કહ્યુ કે હાલમાં સમાજમાં ચારે બાજુથી ઝેર ફેલાઇ ગયું છે.મને આ વાતની ચિંતા થાય છે પરિસ્થિતિ જલ્દી સુધરે એવું મને દેખાતું નથી..એ સાથે તેમણે કહ્યુ કે દેશમાં એ લોકોને દંડ થાય જે કાયદો પોતાના હાથમાં લે છે.બુલંદશહેરની હિંસાનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે આપણે હમણાંજ જોયું કે એક પોલીસ અધિકારીનું મોત ગાયના મોત કરતાં વધુ મહત્વ મેળવી ગયું.જો નસીરુદીનના નિવેદનથી રાજકીય વિરોધ થયો છે


## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્કઃ જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪




## વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.


## કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭
લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે






# ઇસુનો જન્મ બેથલેહેમની એક ગભાણમાં થયો તે અંગેનુ એક દૃશ્ય

કેમકે તમારે સારુ એક તારનાર એટલે ખ્રિસ્ત પ્રભુ જન્મ્યો છે.નાતાલ એટલે ઇસુ ખ્રિસ્તના જન્મ દિવસની ઊજવણી. આશરે ૨૦૦૦ વર્ષ પહેલાં બેથલેહેમ શહેરમાં ઇસુ ખ્રિસ્તનો જન્મ થયો હતો.તેની યાદગીરીમાં ખ્રિસ્તીઓ તેમના જન્મ દિવસની ઊજવણી કરે છે.

ઇસુ ખ્રિસ્તના જન્મ વિશે નવા કરારમાં જે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે પ્રમાણે કેમકે આજ દાઉદના શહેરમાં તમારે સારુ એક તારનાર એટલે ખ્રિસ્ત પ્રભુનો જન્મ થયો છે.તમારે સારુ એ નિશાની છે કે તમે એક બાળકને લુગડામાં લપેટેલો ગભાણમાં સુતેલો જોશો. આ અંગે ઘેટાપાળકો જેઓ રાત્રે ખેતરમાં રહીને પોતાના ઘેટા સાચવતા હતાં તેમને પ્રભુના દુતોએ આ વધામણી આપી હતી.દુતોનો સમુદાય આકાશમાં ગયા બાદ ઘેટાપાળકો બેથલેહમ આવ્યા અને ત્યાં જઇને તેઓએ મરિયમ તથા યુસુફને તથા ગભાણાં સુતેલા બાળકને જોયા.ઘેટાપાળકોને જેમ કહેવામાં આવ્યુ હતું તેમ તેઓએ સાંભળ્યું તથા જોયું તેને લીધે તેઓ દેવનો મહિમા તથા સ્તુતિ કરી.

# ઓસ્ટ્રેલીયામાં પર્થ ખાતે રમાઇ રહેલી બીજી ટેસ્ટમાં ભારતનો કરુણ રકાસ સાથે કારમી હાર

ઓસ્ટ્રેલીયામાં પર્થ ખાતે રમાઇ રહેલી ભારત સાથેની બીજી ટેસ્ટમાં ભારતની શર્મનાક હાર થઇ હતી.પ્રથમ અને બીજા દાવમાં ભારતની છેલ્લી પાંચ વિકેટો કોઇપણ જાતના પડકાર વગર જ સમાપ્ત થઇ ગઇ હતી. ભારતની પ્રથમ ઇનિગ્સમાં વિરાટ કોહલી અને રહાણેએ ભારતની બાજુ મજબુત કરવા પ્રયાસો કર્યા હતા પરંતુ કોહલી અને રહાણે આઉટ થયા બાદ છેલ્લી વિકેટો પત્તાના મહેલની માફક ધ્વંશ થઇ ગઇ હતી.ઓસ્ટ્રેલીયાએ બીજા દાવમાં પોતાની ઇનિગ્સને મજબુત બનાવી હતી જો કે સ્કોર બહુ મોટો નહોતો પરંતુ ઓસ્ટ્રેલીયાના ઝડપી બોલરો સામે ભારતીય બેટ્સમેનો ઝીંક ઝીલી શક્યા નહોતા.આ ઉપરાંત નાથાન લાયનની ચુસ્ત સ્પિન બોલીંગ સામે ભારતીય બેટસમેનો પાંગળા પુરવાર થયા હતા.

છેલ્લા દિવસની રમતમાં ભારતીય પુછડીયા બોલરો ઓસ્ટ્રેલીયન બોલરો સામે નબળા પુરવાર થયા હતા અને વિકેટો ફેકી દીધી હતી. ભારતના પ્લેયરો જાણે કે કોઇ પ્રતિકાર કરવાની શક્તિ જ ધરાવતા નહોય તેમ તેમણે પરાજયને સ્વીકારી લીધો હતો.માત્ર સમગ્ર રમત દરમિયાન વિરાટ કોહલીની રમત અને શામીની બોલીંગ વખાણવાને લાયક હતી.


## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.